સ્પેશ્યલ સીવીલ સ્યુટ નં.૨૮/૨૦૧૭

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આજરોજ વાદીઓનો તથા વાદીઓના વિ.વકીલશ્રીનો અવાર–નવાર પોકાર કરાવતાં વાદીઓ જાતે કે તેમના વિ.વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે તેઓ તરફે કોઈ અરજી રજુ કરવામાં આવેલ નથી.

હાલનું રેકર્ડ જોતાં હાલનો દાવો વાદીઓના પુરાવા ઉપર મુલત્વી છે, પરંતુ વાદીઓ તરફે આ કામમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવતો નથી. અગાઉ તા.૨–૩–૨૦૨૨ ના રોજ પુરાવો રજુ કરવા સારૂ વાદીઓ તરફે મુદત અરજી રજુ થતાં તે અરજીમાં વાદીએ પુરાવો રજુ કરી દેવાની શરતે છેલ્લી મુદત આપી વાદીની મુદત અરજી મંજુર કરવામાં આવેલ હતી અને વાદીને ત્યારબાદ તા.૧૪–૦૩–૨૦૨૨ ની પુરાવો રજુ કરવા સારૂ મુદત આપવામાં આવેલ હતી. જે તે દિવસે પણ વાદીઓ કે તેમના વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે પુરાવો રજુ કરેલ નથી અને કોર્ટ દ્વારા ન્યાયના હિતમાં હાલના દાવાના કામે વાદીઓએ પુરાવો રજુ કરવા માટે તા.૨૫–૦૩–૨૦૨૨ એટલે કે આજરોજની તારીખ આપવામાં આવેલી હતી. આજરોજ અવાર–નવાર પોકાર કરાવતા વાદીઓ કે તેમના વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી દાવો આગળ ચલાવવા, કાર્યવાહી કરવા માટે વાદીઓ તરફે કોઈ તજવીજ કરવામાં આવેલ નથી. નથી. સદરહું કામ પાંચ વર્ષ જેટલું જુનું છે. સંજોગો ધ્યાને લેતાં વાદીઓને પોતાના દાવામાં કોઈ રસ હોય તેમ જણાતું ના હોય અને વાદીઓની બેદરકારી બદલ હાલનું કામ વિલંબમાં પડેલ છે તેમજ કોર્ટના કિંમતી સમયનો પણ દુર્વ્યય થાય છે. વાદીઓને પોતાનો કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોય તેવા સંજોગોમાં હાલનો દાવો રાખી મુકવો યોગ્ય જણાતો નથી. સમગ્ર સંજોગો ધ્યાને લેતાં વાદીઓની ગેરહાજરી તથા બેદરકારી બદલ સી.પી.સી.ઓર્ડર–૧૭, રૂલ–૨ સાથે ઓર્ડર–૯, રૂલ–૩ વંચાણે લેતાં વાદીની ગેર હાજરી બદલ હાલનો દાવો કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૨૫ મી માહે. માર્ચ, સને.૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૨૫/૦૩/૨૦૨૨.<br>
મહેસાણા.

(કિરણપ્રભા હીરાલાલ દોહરે)<br>
મુખ્ય સીનીયર સીવીલ જજ,<br>
મહેસાણા.<br>
કોડ નં.જી.જે.૦૦૬૩૦